# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેય : સર્વ જીવોનું કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

---

નં.કાયુ/રજી/યુ-૧/એકેડ/ 2365 /૨૦૨૦ તા.૦૯/૦૯/૨૦૨૦

ઈ-મેઈલ

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ પોલીટેકનીક, કોલેજ, પી.જી. ઇન્સ્ટીટયુટ,

(કામધેનુ યુનિવર્સિટી)

વિષય : COVID-19 અન્વયે કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત શૈક્ષણિક સંસ્થાનો અંગે આવશ્યક સૂચનાઓ આપવા તથા ઓનલાઈનના માધ્યમથી શિક્ષણકાર્ય શરુ કરવા બાબત..

સંદર્ભ : (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:KU/REG/U-1/ACAD/Vacation/1885/2020, તા.૦૭/૦૮/૨૦૨૦.

(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:જીજી/૫૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૧/૦૯/૨૦૨૦.

(૩) અત્રેની કચેરીની નોંધ પર માન.કુલપતિશ્રીની મળેલ મંજૂરી.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હાલમાં કોરોના વાઈરસ(COVID-19)થી ફેલાયેલ મહામારીના કારણે ઉપરોક્ત સંદર્ભ પત્ર-(૧)થી કામધેનુ યુનિવર્સિટી હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાનોમાં તા.૦૧/૦૮/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી વેકેશન જાહેર કરવામાં આવેલ.

ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના વંચાણે લીધા જાહેરનામા-(૨) થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકામાં મુજબ કામધેનુ યુનિવર્સિટી હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાનો ખાતે તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી બંધ રાખવાની રહેશે. હાલની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાને લઇ ઓનલાઈન/ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી શૈક્ષણિક વર્ગોનું આયોજન કરવાનું રહેશે અને ફેકલ્ટી દ્વારા લેવામાં આવતા તમામ વર્ગો રેકોર્ડ રાખવાનો રહેશે તથા માસના અંતે સંબંધિત ફેકલ્ટીના ડીનશ્રીને ચલાવવામાં આવેલ વર્ગોની માહિતી અત્રેની કચેરીની જાણ હેઠળ મોકલી આપવાની રહેશે. પોલીટેકનીક/કોલેજ/પી.જી. ઇન્સ્ટીટયુટ દ્વારા હાથ ધરવામાં આવેલા વર્ગોની વિગતો યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે ત્યારે રજૂ કરવાની રહેશે. વધુમાં, તા.૨૧/૦૯/૨૦૨૦ થી સંબંધિત પોલીટેકનીક/કોલેજ/પી.જી. ઇન્સ્ટીટયુટે વંચાણે લીધા જાહેરનામા-૨ નાં ક્રમ નં.૫.૧ થી ૫.૫ માં જણાવ્યા મુજબની પ્રવૃતિઓ જાહેરનામાંમા દર્શાવેલ તમામ સાવચેતી અનુસરીને હાથ ધરી શકાશે.

તમામ પોલીટેકનીક/કોલેજ/પી.જી. ઇન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓને મહામારીથી સુરક્ષાના ભાગરૂપે વિદ્યાર્થીઓના સર્વાંગી હિતમાં ઘરેથી જ ઓનલાઈન/ડીજીટલ માધ્યમથી શિક્ષણ આપવાનું રહેશે. સંબંધિત

ફેકલ્ટીએ ઇ-મેઇલ/ટેલિફોન/વ્હોટ્સ એપ અથવા ડિજિટલ લર્નિંગના કોઈપણ અન્ય માધ્યમ દ્વારા શૈક્ષણિક બાબતો માટે વિદ્યાર્થીઓના સંપર્કમાં રહી શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

ઉક્ત બાબતે ભવિષ્યમાં કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી તરફથી પ્રસિધ્ધ કરવામાં આવનાર માર્ગદર્શિકા મુજબ જરૂરી સૂચનો યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવશે. તાજેતરની માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઇટ www.ku-guj.org ની મુલાકાત લેવી.

આ પત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી અને યુનિવર્સિટીના હિતમાં જારી કરવામાં આવેલ છે.

કુલસચિવ

<u>નકલ સવિનય રવાના:</u>

માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી.

<u>નકલ જય ભારત સાથ રવાના:</u>

- તમામ યુનિવર્સિટી અધિકારીશ્રી, કામધેનુ યુનિવર્સિટી.
- નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, કામધેનુ યુનિવર્સિટી.
  (આ પત્ર યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારું)
- કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી.
- તમામ સંબંધિત શાખાઓ, કુલસચિવશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી.

કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બી–૧ વિંગ, ચોથો માળ, રૂમ નં.૪૧૫, સેક્ટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦
ફોન : ૦૭૯ ૨૩૨૨૦૭૧૩/૭૧૬